R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 37 DATE: 12-09-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ઇજીપ્તમાં અલ-જઝીરા ચેનલના ત્રણ પત્રકારોને પ્રતિબંધિત સંગઠનને મદદ કરવાના આરોપસર ત્રણ વર્ષની સજા

પ્રતિબંધિત સંગઠન બ્રધરહુડને મદદ કરવાના આરોપસર ઈજીપ્તની એક કોર્ટે અલ-જઝીરાના ત્રણ અંગ્રેજી પત્રકારોને ખોટી ખબરો ફેલાવવાના આરોપસર ત્રણ વર્ષની સજા ફટકારી હતી.ઈજીપ્શીયન મુળના કેનેડીયન પત્રકાર મોહમંદ ફાહમી,ઈજીપ્તના બાહેર મોહમંદ અને ઓસ્ટ્રેલીયાના પીટર ગ્રેસ પર પ્રતબિધિત મુસ્લીમ સંગઠન બ્રધરહુડને મદદ કરવાનો આરોપ હતો.જો કે આ ત્રણેય પત્રકારોએ પોતાના પર લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવી રહ્યા છે.આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે સમગ્ર દુનિયામાં આ પત્રકારોને મુક્ત કરવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.જે સમયે સજા સંભળાવવામાં આવી ત્યારે કેનેડાના મોહમંદ ફાહમી અને ઈજીપ્તના બાહેર મોહમંદ કોર્ટમાં હાજર હતા. તો ઓસ્ટ્રેલીયન પત્રકાર પીટર ગ્રેસ્ટેની ગેરહાજરીમાં જે તેમનેં સજા સંભળાવવામાં આવી હતી.આ વર્ષે ફેબ્રુઆરીમાં જ પીટરને તેના દેશમાં પાછો મોકલી દેવામાં આવ્યો હતો.

કોર્ટના ચુકાદાથી પીટર ખુબ નારાજ છે.તેમણે ઘણી નારાજગી વ્યક્ત કરી હતી. અને આ ચુકાદાને તદ્દન અયોગ્ય બતાવ્યો હતો.આ ત્રણેય પત્રકારોને જુલાઇ ૨૦૧૪માં ૭ થી ૧૦ વર્ષની સજા સંભળાવવામાં આવી હતી. જો કે આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ચુકાદો પલટી ગયો હતો અને ત્રણેયને મુકત્ કરી દેવાયા હતા. ત્યારબાદ તેઓ રી-ટ્રાયલની રાહ જોઈ રહ્યા હતા.

## ૨૦૦૨માં તોફાનો દરમિયાન તોડી પડાયેલ ધાર્મિક સ્થાનોનું ગુજરાત સરકાર પુન :નિર્માણ નહીં કરે : સુપ્રીમમાં કોર્ટમાં જવાબ રજુ

ગુજરાત સરકારે ૨૦૦૨માં કોમી તોફાનો દરમિયાન તોડી પડાયેલા ધાર્મિક સ્થળોના પુનરોધ્ધારનો આદેશ આપતાં હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.સુનાવણીમાં ગુજરાત સરકારે જણાવ્યું હતું કે સરકાર બિન સાંપ્રદાયિક છે તેથી તે વર્ષ ૨૦૦૧ના ભુકંપ અને ૨૦૦૨ના રમખાણોમાં ક્ષતિગ્રસ્ત થયેલા ધર્મસ્થાનો ફરી બનાવી શકતી નથી.

ગુજરાત સરકાર વતી અધિક સોલીસીટર જનરલ તૃષાર મહેતાએ જસ્ટીસ દિપક મિશ્ર અને પી.સી.પંતની બેન્ચને આ જણાવ્યું હતું.રાજ્ય સરકારે બિનસાંપ્રદાયિક નીતિ અપનાવી છે તે અંતગર્ત કરદાતાઓના નાણાંનો ઉપયોગ ધાર્મિક સ્થાનોના પુનઃનિર્માણમાં કરાશે નહી. આ મામલની વધુ સુનાવણી ૨૩ સપ્ટેમ્બરે રાખવામાં આવી છે.

ગુજરાતની એનજીઓ ઈસ્લામિક રીલીફ સેન્ટરના એડવોકેટ યુસુફ મુચાલાએ સુપ્રીમ કોર્ટમાં આરોપ મુક્યો હતો કે રાજ્ય સરકારે ૨૦૦૨નાં રમખાણોમાં લઘુમતીઓને તોફાનીઓથી રક્ષણ આપવાની જવાબદારી નિભાવી નહોતી, તે ઉપરાંત ધાર્મિક સ્થાનોના પુનઃનિર્માણથી બચવા સેક્યુલર કાર્ડનો ઉપયોગ કરી રહી છે.ધાર્મિક સ્થાનોનું રક્ષણ કરવું તે રાજ્ય સરકારની ફરજ છે.ભારતમાં રાજ્ય અને ધર્મ વચ્ચે સ્પષ્ટ વિભાજન નથી.એટલા માટે હજ સબસીડી આપવામાં આવે છે.

અદાલતે જણાવ્યું કે સુપ્રીમની ૧૧ જજોની બેન્ચે બંધારણની ધારા ૨૭ની વ્યાખ્યા કરતાં જણાવ્યું કે રાજ્યને કોઈ પણ ધર્મના પ્રસારનો ખર્ચ લેવા કાયદો લાગુ કરવાથી અટકાવી શકાતું નથી. આ કિસ્સામા સંસદ કે રાજ્ય સરકાર દ્વારા કોઈ કાયદો લાગુ કરાયો નથી અને રાજ્યસરકારે કરદાતાઓના નાણાંથી ધાર્મિક સ્થળોનું પુનઃનિર્માણ નહી કરવાનો નિર્ણય કર્યો છે. તો શું સુપ્રીમ તે માટે રાજ્ય સરકારને આદેશ આપી શકે ?

ભુકંપમા ક્ષતિગ્રસ્ત બન્યા તે અલગ વાત છે અને ૨૦૦૨માં કોમી અશાંતિ વચ્ચે તોડી પડાયા તે અલગ વાત છે.જે ઉપર સુપ્રીમે વિચાર કરવો જોઈએ.

## પાકિસ્તાને ઇસ્લામીક સ્ટેટ પર પ્રતિબંધ મુક્યો

આતંકવાદીઓના સમર્થક એવા પાકિસ્તાને લોકોની ક્રુર હત્યાઓ માટે વિશ્વભરમાં જાણીતા એવા ઈસ્લામીક સ્ટેટ પર પાકિસ્તાનમાં પ્રતિબંધ લાદી દીધો છે. આ ત્રાસવાદી સંગઠન હાલમાં ઈરાક અને સીરીયાના મોટાભાગના વિસ્તારો પર કાબુ ધરાવે છે.હવે તે એશિયામાં,અફઘાનીસ્તાનમાં,પાકિસ્તાન અને ભારતમાં પગ પેસારો કરવાની પેરવીમાં છે.પાકિસ્તાનના ગૃહમંત્રાલયે જાહેર કર્યું હતું કે તેમણે આઈએસ આઈએસ તેમજ દાએશ પર પ્રતિબંદ લાદ્યો છે.

## દેશમાં હિંદુઓની વસ્તી ઘટી રહી હોવાને લીધે પાંચ સંતાન ધરાવતા હિંદુ પરિવારને શિવસેના બે લાખનું ઇનામ આપશે

તાજેતરમાં જાહેર થયેલા ધર્મ આધારિત વસતીના આંકડાઓમાં જણાવાયું છે કે દેશમાં હિંદુઓની વસતીમાં ઘટાડો થયો છે.આ આંકડાઓ જાહેર થયા બાદ આગ્રાના શિવસેના એકમે જાહેરાત કરી હતી કે જે હિંદુ પરિવારમાં એક દંપતીને પાંચ સંતાનો હશે તેમને ૨ લાખનું ઈનામ આપવામાં આવશે.શિવસેનાના જિલ્લા સંયોજક વીણું લાવનિયાએ જણાવ્યું હતું કે આ રોકડ ઈનામ ૨૦૧૦થી ૨૦૧૫ વચ્ચે જન્મેલા બાળકો માટેજ આપવામાં આવશે.ઈનામ મેળવવા માટે બાળકોના માતાપિતાએ બાળકોનું બર્થ સટી. જોડે લાવી દેખાડવાનું રહેશે.ઉલ્લેખનીય છે કે શિવસેનાએ મુસ્લીમોની જનસંખ્યા વૃધ્ધિ અંગે ચિંતા વ્યક્ત કરી સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની માંગ કરી છે. જેથી બહુપત્નીત્વ પ્રથાને નાબુદ કરી શકાય.

જયારે વિશ્વ હિંદુ પરિષદના નેતા પ્રવીણ તોગડીયાએ એક નિવેદનમાં જણાવ્યુ હતું કે દેશમાં સતત વધી રહેલ મુસ્લીમોની વસ્તી ચિંતાનો વિષય છે.આ માટે હિંદુઓએ તાત્કાલિક પગલાં લેવા પડશે. જેથી દેશમાં હિંદુઓની બહુમતી જળવાઈ રહે. જો આમ નહીં થાય તો કાશ્મીર અને અફઘાનિસ્તાનની જેમ સમગ્ર દેશમાંથી હિંદુ પ્રજાતિનો નાશ થઈ જશે.

## ચાર ભારતીય શિક્ષકોના લીબીયામાં ઇસ્લામીક સંગઠન દ્વારા અપહરણ

ઈસ્લામીક સંગઠનના આતંકીઓ દ્વારા જારી કરવામાં આવેલ એક સમાચાર મુજબ લીબીયામાંથી ભારતના ચાર શિક્ષકોના અપહરણ કરવામાં આવ્યા છે.સમાચારો મુજબ ઈસ્લામીક સંગઠનના આધિપત્ય વાળા વિસ્તારમાંથી આ ચાર ભારતીય શિક્ષકોનું અપહરણ કરાયું હતું.ભારત સરકારે આ સમાચારોને પુષ્ઠી આપી હતી.અહેવાલો મુજબ ટ્રીપોલીની નજીક આવેલ સીરટી ટાઉનમાંથી એક સંધ્યાએ આ શિક્ષકોનું અપહરણ કરાયું હતું.તેઓ યુની.માં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા હતા.તેવું મીનીસ્ટ્રી ઓફ એકસટ્રનલ એફેર્સ દ્વારા જણાવાયું હતું.

હજુ સુધી આ અપહરણ અંગે કોઈ માંગણી કરવામાં આવી નથી.પરંતુ અમે તેમના અંગેની જાણકારી મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે.તેવું ફોરેન મીનીસ્ટ્રીના ઓફીશ્યલ સોર્સીસ દ્વારા જાણવા મળ્યું હતું.ગત વર્ષે ભારત સરકારે ઈરાક,સીરીયા અને લીબીયામાં કામ અર્થે ગયેલા ભારતીયોને ત્યાંથી નીકળી જવા માટે કહેવામાં આવ્યું હતું.ઈરાકમાં હજુ ૩૯ ભારતીયોની ભાળ મળી નથી.ઈસ્લામીક સંગઠનના આતંકીઓ દ્વારા ઈરાક અને સીરીયાના કેટલાક ભાગોમા કબજો જમાવી દીધો છે. ઈસ્લામીક સંગઠનના નેતાએ પોતાને ખલીફા જાહેર કરી દીધો છે.

અપહરણ કરાયેલાના ભાવિ ખલીફાના મનસુબા પર આધારિત છે.અપહરણ કરાયેલ ભારતીયોના કુટુબીજનો ચિતાગ્રસ્ત છે. પરંતુ તેમને માત્ર સરકારી અહેવાલો પર આધાર રાખવાનો છે.ઈસ્લામીક સંગઠનના આતંકીઓ જેમણે આ ભારતીયોના અપહરણ કર્યા છે તેઓ જાતે જો આ બંધકોને મુક્ત કરે તો તેમની મુક્તિની શક્યતા છે.ત્યાં સુધી તેમના જીવન માટે આપણે માત્ર પ્રાર્થનાઓ કરી શકીએ છીએ.

## પાર્ટ ટાઇમ હિંદુ શિક્ષકોના પગાર નહીં વધે તો તેમણે ધર્મ પરિવર્તન ની ધમકી આપી

પોતાની માંગણીઓ સંતોષવા માટે અપાતી ધમકીઓ અલગ અલગ પ્રકારની હોય છે.પરંતુ તાજેતરમાં ગોરખપુરના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના પાર્ટ ટાઈમ શિક્ષકોએ તેમના પગાર વધારાની માંગણી નહીં સંતોષાય તો ઈસ્લામ ધર્મમાં ધર્મ પરિવર્તન કરવાની સરકારને ધમકી આપી છે.

ગોરખપુર કસ્તુરબા ગાંધી વિદ્યાલયના પાર્ટ ટાઈમ શિક્ષકો તેમના પગાર વધારા માટે માંગણીઓ કરી રહ્યા છે. પરંતુ સત્તાવાળાઓના બહેરા કાને તે માંગણીઓ અથડાતી નથી.તેથી કશુક એવું કરવામાં આવે કે સત્તાવાળાઓની ઉંઘ ઉડે અને માંગણીઓ પરત્વે સત્વરે ધ્યાન અપાય.તેથી આ શિક્ષકોએ તેમના પગાર વધારાની માંગણી તત્કાળ નહી સ્વીકારાય તો તેઓ મુસ્લીમ ધર્મમાં ધર્મ પરિવર્તન કરશે તેવું જણાવ્યુ હતું.

સ્કુલ શિક્ષક એસોસીએશનના જિલ્લા વડા દેશ દિપક દુબેએ કહ્યું હતું કે અમે ૧૪ સપ્ટેમ્બરના રોજ જંતર મંતર પર પ્રદર્શન કરવાનું નક્કી કર્યું છે.અને ત્યાં સુધીમાં જો અમારી માંગણી પરત્વે કોઈ ધ્યાન આપવામાં આવશે નહી તો અમો બધા ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરી લેશું.દેશમાં આજ કાલ હિદુત્વ બાબતે ખાસ કાળજી રાખવામાં આવે છે.વસ્તી વધે તો મુસ્લીમો પર વરસી પડાય તેથી હિદુઓની વધુ કાળજી લેવાય માટે આવી ધમકી અપાઈ રહી છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પાટીદાર અનામત માટેનું આંદોલન જબરજસ્ત રહ્યું પરંતુ તેને જોઇને રાજકીય પક્ષો ભડકી ગયા તેમને લાગ્યું કે આવું બની શકે ? સ્વયંભુ આટલી બધી જન મેદની એકઠી થાય તો કાલે આ લોકોના હાથમાં સત્તાના સુત્રો જતાં વાર ન લાગે. સત્તાધીશો અને રાજકીય નેતાઓએ ભારે મનોમંથન કર્યુ હશે.કારણકે બાજી પલટાઇ જતાં વાર ન લાગે.આખરે આંદોલનનું રુખ બદલાયું.એક નવી નેતાગીરી બહાર આવી અને તે કોઇની લગામમાં રહે તેવી લાગી નહી.હવે એવું લાગે છે કે આંદોલનને આગળ વધતું અટકાવી દેવું જોઇએ અને તે મુજબ સત્તાધારીઓએ પોતાના મજબુત દાવ ખેલવાના શરુ કરી દીધા છે. આંદોલનની સાથે આંદોલન સાથે સક્રિય નેતાગીરીમાં ફાટફુટ અને તોડફોડનું રાજકારણ શરુ કરી દેવાયું છે.ઉચ્ચ નેતાગીરીને સકંજામાં લેવાની શરુઆત થઇ ગઇ છે. યેનકેન પ્રકારના કાયદાકીય દાવાઓમાં ફસાવવાની શરુઆત થઇ ચુકી છે. સત્તાધીશોને આવી લડત પોષાય તેમ નથી કારણકે ઉગ્ર બનતું આંદોલન તેની ચરમસીમા પર પહોચે તો આ બધા રાજકીય નેતાઓના ભુકા બોલી જાય તેમ છે.હજુ રંગનાથ મિશ્વાએ આપેલ રીપોર્ટ મુજબ અનામત આપવા બાબતે સરકાર નિષ્ક્રિય છે.

તાજેતરમાં દિલ્હી ખાતે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોએ રંગનાથ મિશ્વા કમિશનને આપેલ રીપોર્ટ મુજબ તેમને અનામત નહીં આપવા બદલ બ્લેક ડે મનાવ્યો હતો.આમ સરકારને ચારે બાજુએથી અનામત મેળવવા માટે અલગ અલગ જાતિઓ,જ્ઞાતિઓ તરફથી દબાણ આવી રહ્યું છે.અનામતનો ક્વોટા પુરો થઇ ગયો છે.સરકારને માટે ભારે મુસીબત છે. અનામતનું કોકડું કેવી રીતે ઉકેલવું.

## મંતવ્ય

દેશમાં કામ કરતાં તમામ સરકારી તંત્ર ખાડે ગયા છે.કોઇપણ વિભાગ એવો નથી કે જેનાથી આપણને તેનુ અભિમાન થાય.ભ્રષ્ટાચાર સહુને આભડી ગયો છે.છેલ્લા કેટલાક દિવસોથી સામાન્ય લોકો માટે ઘરવપરાશમાં વપરાતું દિવેલ કે જે મોસમમાં આખા વર્ષના ઘઉં ભરવા માટે વપરાય છે તેમાં ભેળસેળ કરાઇ અને તેને પરિણામે કેટલા બધા લોકોની જીંદગી દાવ પર લાગી ગઇ.અનેક લોકો લકવાગ્રસ્ત બન્યા.હવે તંત્ર બેબાકળુ થયુ,જાગ્યુ અને દોડવા લાગ્યું. પરંતુ આ બધુ પાણી પાળ તોડી વહી ગયા બાદની કસરત છે. ભેળસેળીયાઓ એટલી હદે જાય છે કે માનવજાતને નુકશાન થાય તો નફો કમાવવાને માટે તેઓ કોઇપણ હદે ભેળસેળ કરે છે.કારણકે તેમને ખબર છે કે સરકારી અધીકારીઓને આખરે ખરીદી લેવાશે.હાલમાં તો તેમને મલાઇ ખવડાવીએ છીએ તેથી કેસો લુલા કરી દેશે. અને આખરે ન્યાયતંત્રની બલિહારી એ છે ક વર્ષો સુધી કેસ ચાલશે અને ત્યાં સુધીમાં પુરાવો વિગેરે વગર પાંખે ઉડી જશે. સમાજના ઉચ્ચ ગણાતો વકીલ વર્ગ આવા ગુનેગારોને કાયદાની આંટીઘુટીમાંથી નાણાના બળે છોડાવી દેશે.શું આજ બાબત આપણે સહન કરવાની છે.કાયદા એટલા સખ્ત બનાવો અને કેસોની ઝડપથી એટલી વધારો કે ગુનેગાર છટકી ના જાય.

કેમીકલ બનાવનાર ફેકટરીઓને તંત્ર દ્વારા ઉઘાડી છુટ છે.હાઇકોર્ટે કેટલાય વખતથી આ બાબતે સરકારી તંત્રને ફટકાર આપી છે. ઝેરી કેમીકલ અને ગેસનુ ગળતર થાય તેવી ફેકટરીઓ બંધ કરાવી છે પરંતુ આગળના ઝાંપે તાળુ છે પાછળથી આખી ફેકટરી ધમધમે છે.ફેકટરીઓના માલિકોને સજા થવી જોઇએ સાથે સાથે જે તે વિસ્તારમાં આવતી ફેકટરીઓ જેના જ્યુરીસડીકશનમાં આવતી હોય તે તમામ લાગતાવળગતા અધીકારીઓને પણ સખ્ત સજા અને નુકશાન પામેલાઓને તેમની મિલકતમાંથી દંડ ભરવાની જોગવાઇ કરવાની જરુર છે.લોકો માટે લોકશાહી છે કે પછી આ દેશમાં ભ્રષ્ટાચારી અધિકારીઓ,પર્યાવરણનું ચીરહરણ કરનારા ફેકટરીઓના માલિકો, કે રાજધ્વારીઓ જેઓ આ ચલાવવામાં મદદરુપ છે.સજા સખ્ત બનાવો અને અમલ કરો તો આ રોકાશે.

નૈષધ ઈનામદાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૮)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૭૨ | જી.એન.એમ.નર્સીંગ(૩ ૧/૨વર્ષ | ૧-૬-૮૮ | ૮૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૭૩ | બીકોમ.એમબીએ(એચઆર) | ૯-૧૦-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૪ | એમફીલ.એસએસડબલ્યુ | ૧૮-૧-૮૨ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૫ | એમ.એ.બીકોમ.(અંગ્રેજી સાથે) | ૮-૨-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૬ | એમબીએ.એચઆર.માર્કેટીંગ | ૨૧-૧૧-૮૭ | ૨૦૦૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૩૭૭ | એક્ષરે ટેકની.જીએનએમ.૩ ૧/૨વર્ષ) | ૪-૫-૯૦ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૭૮ | એમએસસી.આઇટી.(ઓસ્ટ્રે)પરત | ૨૨-૮-૮૩ | - | મેથો. | કુંવારા |
| ૩૭૯ | આઇટી(યુએસ સીટીઝન) | ૧૮-૧૧-૮૩ | ૧લાખ | સીએનઆઇ | કુંવારા |
| ૩૮૦ | બીએસસી.એમ.એ.માર્કેટીગં (યુકે) | ૨૪-૮-૮૩ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૩૮૧ | બીએસસી,આઇટી,સીસીએનએ,સીસીએનપી | ૨૪-૭-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૨ | બીકોમ.એસ.આઇ. | ૧૨-૭-૯૦ | ૭૮૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૩૮૩ | એમબીબીએસ,એમડી.ડીએનબી | ૧૩-૩-૮૩ | ૧લાખ | સા.આર્મી | કુંવારા |
| ૩૮૪ | એમએસસી(માઇક્રો) | ૨૩-૬-૯૦ | ૯૫૦૦ | આર.સી | કુંવારા |
| ૭૧૪ | પીટીસી(બીજાવર્ષમાં) | ૨૧-૨-૮૪ | ૨૪૯૦૦ | મેથો | કુંવારા |
| ૭૧૫ | પીટીસી.બી.એ. | ૨૧-૧૨-૮૮ | ૧૬૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૭૧૬ | બીએ.બીએડ(અંગ્રેજી)પીટીસી,ટેટ,ટાટ પાસ | ૨૪-૭-૮૪ | ૫૦૦૦ | મેથો | કુંવારા |
| ૭૧૭ | બીએ.કોમ્પ્યુ.ડીપ્લો.ઈન હાર્ડવેર એન્જી.ડીટીપી | ૨૨-૧-૭૫ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૧૮ | એમએ.બીએડ(પીજીડીઆઇટી) | ૧-૧૦-૭૫ | ૨૪૦૦૦ | આર.સી | કુંવારા |
| ૭૧૯ | એમએ.બીએડ(ઈંગ્લીસ)ટેટ,ટાટ પાસ | ૨૨-૧૧-૮૫ | ૯૬૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૦ | ૧૦પાસ | ૨૯-૮-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૫૫ | ૧૦નાપાસ | ૧૦-૧૨-૭૭ | ૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૫૬ | ૧૦નાપાસ | ૪-૬-૬૯ | ૭૦૦૦ | આર.સી | છુટાછેડા |
| ૨૫૮ | બીકોમ.બીઝનેસ મેનેજમેન્ટ | ૧૧-૨-૭૮ | ૧૮૦૦૦ | મેથો | છુટાછેડા |
| ૨૫૯ | એમએસસી. | ૬-૯-૬૯ | ૬૦૦૦૦ | આર.સી. | વિધુર |
| ૨૬૧ | બીએ.એસઆઇ.એક્ષરે.કોમ્પ્યુ.કોર્ષસીસીસી.ડીટીપી | ૮-૧૧-૭૭ | ૯૫૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૬૨ | ૧૨પાસ. આઇટીઆઇ | ૧૫-૨-૮૩ | ૧૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૮) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮૫ | એમ.એસ.ડબલ્યુ | ૧૯-૬-૮૯ | ૯૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૬ | એમએ.બીએડ | ૮-૨-૯૧ | - | આર.સી | કુંવારા |
| ૩૮૭ | એમએસસી,બીએડ.(ઈંગ્લીંસ મીડી)પીજીડીસીએ | ૨-૨-૮૭ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૮૮ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નર્સીંગ | ૧૬-૧૨-૮૬ | ૧૫૦૦૦ | આર.સી | કુંવારા |
| ૩૮૯ | ડીપ્લો.કોમ્પ્યુ.એન્જી.બીટેક.ઈન્ કોમ્પ્યુ.(ઈંગ્લીંસ) | ૧૫-૪-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૦ | એમ.એસ.સી.નર્સીંગ. | ૬-૯-૮૬ | ૨૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૯૧ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નસીંગ | ૮-૩-૮૬ | ૨૭૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૯૨ | માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી | ૧૦-૬-૮૮ | ૨૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૭૨ | બીએ.બીએડ.કોમ્પ્યુ.બ્યુટી પાર્લર | ૨૧-૮-૭૫ | ૮૦૦૦ | આર.સી | કુંવારા |
| ૪૭૩ | ૧૨પાસ, શિવણ, કોમ્પ્યુ.કોર્ષ | ૧૪-૮-૮૦ | - | આર.સી. | કુંવારા |
| ૪૭૫ | ૧૦પાસ | ૧૮-૬-૮૮ | ૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૬ | ૧૦પાસ | ૯-૯-૯૧ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૮ | બીએ.(ઈંગ્લીંસ)બીએડ,પ્રીપીટીસી કોમ્પ્યુ.કોર્ષ | ૧-૮-૮૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૯ | બીએસસી(માઇક્રો)ડીએમએલટી,એલએલબી. | ૨૯-૮-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૪૮૦ | એમએ. | ૨૯-૧૦-૭૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૧ | બીએ.૧૮માસનો નર્સીંગ કોર્ષ | ૨૪-૧૧-૮૫ | ૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૮૪ | એમએ(ઈકોનો.)સ્ટેનો.સેક્રેટરી કોર્ષ(ઈંગ્લીસ) | ૧-૮-૮૦ | ૧૦૫૦૦ | આર.સી | કુંવારા |
| ૧૫૮ | ૧૨ પાસ(પ્રીપીટીસી) ડીપ્લોમા | ૨૧-૪-૮૧ | ૩૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૬૦ | બી.એ.બી.એડ. | ૩-૨-૭૨ | ૧૮૦૦૦ | સીએનઆઇ | વિધવા |
| ૧૬૧ | બીકોમ.યુએસએ નર્સીંગ.હોસ્પી કોર્ષ,(યુએસએ) | ૧-૭-૬૬ | ૨૦૦૦ ડોલર | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઇટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

# વિયેટનામ જવા માટે અમદાવાદમાં જ વિઝા કેન્દ્ર શરુ કરાશે

ગુજરાતમાંથી ધંધાર્થે કે ફરવા જવાના હેતુસર અનેક લોકોની જરુરીયાત છે કે તેઓ વિશ્વના અનેક પ્રવાસન સ્થળોની મુલાકાત કરે. પરંતુ કેટલીક અગવડોને ધ્યાનમાં લઈને લોકો તે બાબતે વિચારતાં નથી. વિયેટનામ પણ પ્રવાસન માટે એક અનેરુ સ્થળ છે.જેથી વિયેટનામ જવા માંગતા પ્રવાસીઓ વિઝા લેવા માટે દિલ્હી સ્થિત વિયેટનામની એમ્બેસીમાં જવું પડતું હતું. પરંતુ હવે વિયેટનામે અમદાવાદ ખાતે વિઝા માટેની સુવિધા માટે કેન્દ્ર શરુ કરતાં સરળતાથી વિઝાની કામગીરી અહીયાથી શક્ય બનશે.

વિયેટનામના ભારત ખાતેના મંત્રી ટ્રાન ક્વાન તુયેને કોક્સ એન્ડ કિંગ્સ ગ્રોબલ સર્વીસીઝ મારફતે અમદાવાદમાં વિયેટનામ સુવિધા કેન્દ્ર ની શરુઆતની ધોષણા કરી હતી.ભારતમાંથી દર વર્ષે ૫૫૦૦૦થી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જાય છે.જેમાંથી મોટો હિસ્સો ગુજરાતના પ્રવાસીઓનો છે.

વિયેટનામ એમ્બેસીના મંત્રી ટ્રાન ક્વાન તુયેને જણાવ્યું હતું કે વિયેટનામ દક્ષિણ એશીયાના દેશોમાં લોકપ્રિય હોલિડે ડેસ્ટીનેશન પણ બની રહ્યું હોવાથી વિયેટનામ સરકારે ભારતમાં કોલકત્તા,ચંદીગઢ,જયપુર અને અમદાવાદમાં વિઝા સુવિધા કેન્દ્રો શરુ કર્યા છે.આ વર્ષે ૭૫૦૦૦હજારથી વધુ પ્રવાસીઓ વિયેટનામની મુલાકાતે જશે તેવી તેઓની ધારણા છે.

# કન્નડના સ્કોલર અને રીસર્ચર પ્રોફેસર એમ.એમ.કાલબર્ગીની હત્યા,હત્યારાઓ ફરાર

કન્નડના સ્કોલર અને રીસર્ચર પ્રોફેસર એમ.એમ.કાલબર્ગીની હત્યા કરવામાં આવી હતી.હત્યાના મામલે હજુ સુધી કોઈ પકડાયા નથી.પરંતુ શંકાને આધારે પોલીસે રામ સેનાના સ્થાનિક વડાની ધરપકડ કરી છે.જો કે હત્યાને ચાર દિવસ થઈ ગયા હોવા છતાં પોલીસને હત્યારાઓના કોઈ સગડ મળ્યા નથી. જો કે હાલમાં પોલીસે પ્રસાદ અટ્ટાવરની શંકાને આધારે ધરપકડ કરીને પુછપરછ હાથ ધરી છે.રામસેના સંગઠન રાષ્ટ્રીસ સ્વયંસેવક સંઘની એક ભગીની સંસ્થા છે.જે કટ્ટર હિદુત્વવિચારધારાનો અમલ કરવા સક્રિય છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.

Tour Date 11 November,2015

પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# અમેરિકાની પ્રથમ દસ યુનીવરસીટીમાં નીચેની યુની.નો નંબર આવે છે

તાજેતરમાં વિશ્વની પ્રથમ દસ શિક્ષણ સંસ્થાઓ માટેનો સર્વે કરવામાં આવ્યો. શાંઘાઈની જીયાઓ તાન યુની. દ્વારા વર્ષ ૨૦૧૫ માટે વિશ્વભરની યુની. માટે જારી કરાયેલ એકેડેમિક રેન્કીંગમાં ટોચની ૫૦૦ ટુની.માં ભારતની ફકત એકજ યુની.સ્થાન પ્રાપ્ત કરી શકી છે.અને તે છે બેગ્લુરુ સ્થિત ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સને આ યાદીમાં સ્થાન મળ્યું છે.૨૦૦૩-૦૪માં પણ આ રેન્કીગમાં સ્થાન મેળવનારી એકમાત્ર યુની.માં પણ આજ યુની. હતી. તે સમયે તેનુ રેન્કીંગ ૨૦૦ની આસપાસ હતું.આ વખતે પણ તેણે ખુબ પીછેહઠ કરી છે.

પ્રથમ દસ યુની.માં અમેરિકાની આઠ યુનીવરસીટીનો નંબર આવે છે.

હાવર્ડ યુની., સ્ટનફર્ડ યુની., એમઆઈટી યુની.બ્રિકલી યુની., પ્રિન્સટન યુની.,કૈલટેક યુની., કોલંબીયા યુની.,શિકાગો યુની. ,ઓકશફર્ડ યુની.

તો આનો અર્થ એવો થાય કે આપણા દેશમાં માત્ર વિદ્યાર્થીઓ પાસેથી નાણાં ખંખેરી લેતી યુની.ઓ અસ્તિત્વ ધરાવે છે.૨૦૧૦માં મેથેમેટીકસમાં દુનિયામાં કુલ રિસર્ચમાં ચીનનો હિસ્સો ૧૭ટકા હતો જયારે ભારતનો બે ટકા હતો.મટીરીયલ સાયંસમાં ચીનનો ૨૬ ટકા અને ભારતનો ૬.૪ ટકા.ફીજીક્સમાં ચીનનો ૧૯ ટકા અને ભારતનો ૪.૬ ટકા.વિશ્વની મહાસત્તા બનવા ખુબ મહેનત કરવી પડે.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

વીછી રણ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# આધારકાર્ડ નાગરિક માટે ફરજીયાત નહી રહે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડ બાબતે મહત્વનો આદેશ આપ્યો છે. તેમાં મુખ્યત્વે બે બાબતો સામેલ છે. એક તો આધાર કાર્ડ કોઈ નાગરિક માટે ફરજીયાત નહીં રહે અને બીજુ કે ચોક્કસ સરકારી લાભો મેળવવા માટે આધાર કાર્ડ ધરાવવું અનિવાર્ય નહીં હોય.જો કે, આ સ્પષ્ટતાઓ પછી પણ આધાર કાર્ડનો દરજ્જો હવે પાસપોર્ટ જેવો બની જશે. કેટલીક સુવિધાઓ કે લાભ મેળવવા માટે તે અનિવાર્ય હશે પરંતુ તે સિવાય દરેક નાગરિક માટે તે ફરજીયાત નહી જ હોય.સર્વિસ પ્રોવાઈડર જ્યારે નિયત કરે ત્યારે તેનો ઉપયોગ કરવાનો રહેશે.સરકારે સબસીડીને રોકડ ટ્રાન્સફર કરવામાં કોઈ ઉચાપતને અવકાશ ના રહે તે માટે રોકડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ પર બહુ મોટો મદાર બાંધ્યો છે.તે જોતા તે કેરોસીન જેવી ચીજો માટે હાલની બેવડી સબસીડી ખતમ થશે અને તે રોકડ ટ્રાન્સફર થશે ત્યારે તેના માટે આધાર કાર્ડ ફરજીયાત બની જશે.કોઈ વ્યક્તિ માત્ર આધાર કાર્ડ ના હોવાને કારણે કોઈ સરકારી યોજનાના લાભથી વંચિત ના રહે તે જોવાની જવાબદારી કોર્ટે સરકાર પર લાદી છે.જો કે સાથે સાથે કોર્ટે આધાર કાર્ડની ક્ષમતાઓનો પણ સ્વીકાર કરીને એલપીજી સબસીડી ટ્રાન્સફર અને ફુડ સબસીડી ટ્રાન્સફર માટે આધાર કાર્ડ અનિવાર્ય બનાવવાની સરકારની રજુઆતને સ્વીકારી છે.તે આવકાર્ય પણ છે.સરકારી સબસીડીઓના લાભ માટે બેન્ક ખાતાઓ સાથે આધારને જોડાણથી સબસીડી વિતરણમાં થતી ગોલમાલ અને ઉચાપત અટકી જશે. અન્ય દેશોમાં પણ જે રીતે સરકારી વેબસાઈટ્સ હેક કરવામાં આવે છે તે જોતાં આધાર કાર્ડ માટે એકત્ર કરાતાં અને વાપરવામાં આવતા ડેટાબેઝ અંગે વ્યક્ત કરવામાં આવેલી ચીંતાઓનો ઉકેલ વિચારવો જોઈએ.આધાર માટે એકત્ર કરાયેલી વ્યક્તિગત માહીતી કે બાયો મેટ્રીક્સ ડેટા કોઈને આપશે નહીં તેવી કોર્ટને સરકાર દ્વારા અપાયેલી ખાત્રી પર્યાત નથી.ભારતને લોકોની પ્રાઈવસી જાળવવા માટે જેના અલગ અલગ અર્થઘટન થઈ શકે તેવા હક્ક નહી પરંતુ એક કડક કાયદાની જરુર છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે બીજો એક મહત્વનો આદેશ જારી કર્યો હતો તેમાં જણાવાયુ હતું કે રાજ્યમાં મતદારયાદી શુધ્ધતા એ અધિકૃતતા કાર્યક્રમ અંતગર્ત મતદારોના આધાર નંબરને મતદારયાદીની વિગતો સાથે જોડવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. જોકે સુપ્રીમે આ કાર્યક્રમને સ્થગિત કરવાનો આદેશ જારી કર્યો હતો.આ મુદ્દે રાજ્યના તમામ જિલ્લાઓના સત્તાવાર અધિકારીઓને જાણ કરી દેવાઈ હતી.મતદાર યાદીની વિગતો સાથે મતદારો પાસેથી આધારકાર્ડની વિગતો મેળવીને તેને મતદારકાર્ડ સાથે જોડવાનો હતો.પરંતુ આ ચુકાદાના પગલે ભારત ચુંટણી પંચ દ્વારા આધારકાર્ડને લગતી તમામ કામગીરી જેવી કે આધાર કલેકશન,ફીડીંગ તેમજ સીડીંગ તાત્કાલીક અસરથી સ્થગતિ કરવાના આદેશો જારી કરી દેવાયા છે.આ સુચનાઓનું ઉલ્લંઘન ના થાય તે જોવા પણ સુચનાઓ જારી કરી દેવાઈ છે.

દેશમાં સર્વમાન્ય એક કોઈ પણ ઓળખપત્રની આવશ્યકતા છે.પરદેશ માટે પાસપોર્ટ અને દેશની અંદર કોઈપણ એક ઓળખ નાગરિક પહેચાન પત્ર બનાવવાની જરુર છે.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# પોતાના નાગરિકોના ભયથી જીવ બચાવવા નેપાળી પોલીસ ભારતમાં

પોલીસનું કામ નાગરિકોનું રક્ષણ કરવાનું,કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાનું છે. પરંતુ પોલીસ પોતાનું રક્ષણ ના કરી શકે અને જીવ બચાવવા ભાગીને અન્યત્ર શરણુ લેવા જવું પડે તો તે કેવી બાબત કહેવાય ! તાજેતરમાં ગુજરાતમાં પાટીદાર આંદોલન સમયે ઠેર ઠેર પોલીસ ચોકીઓ નિશાના પર હતી.કેટલીક સળગાવી દેવાઈ. તેમજ પોલીસોને પણ નાગરિક સમુહો દ્વારા નિશાના બનાવાયા.આ બધાની પાછળ સામાન્ય લોકો જે પોલીસના વર્તનથી કંટાળેલા છે તે તેમનો ગુસ્સો આવા સમયમાં ઠાલવે છે.

હાલમાં નેપાળમમાં તાજેતરમાં ફાટી નીકળેલ હિંસામાં લોકોએ પોલીસને નિશાન બનાવી તેથી ત્રણ ડઝનથી વધુ પોલીસવાળા પોતાનો જીવ બચાવવા માટે ભારતની સરહદમાં ઘુસી આવ્યા હતા. અને સશસ્ત્ર સીમા બળ(એસએસબી)ની આગળની ચોકીઓમાં શરણુ લીધું હતું.

રાષ્ટ્રીય સલામતી સલાહકાર(એનએસએ) અજિત દોવાલની સતત દેખરેખ હેઠળ ભારતે નેપાળના આર્મ્ડ પોલીસ ફોર્સ(એપીએફ)ના અધિકારીઓએ ભારતમાં પ્રવેશવાનું શક્ય બનાવ્યું હતું.

# કેરળમાં નેતાની વરસી મનાવવાની અનોખી રીત

કેરળમાં સંઘના એક નેતાની વરસી મનાવવાની અનોખી રીત જોવામાં આવી હતી.કેરળના કન્નુર જિલ્લાના એક ગામમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાની વરસી પ્રસંગે એક કુતરાને થાંભલા પર લટકાવી દેવામાં આવ્યો હતો. પરિણામે આ વિસ્તારમાં તણાવની સ્થિતિ પેદા થઈ હતી.કેટલાક અજાણ્યા લોકોએ કુતરાને થાંભલા પરલટકાવ્યો હતો. જે થાંભલા પર કુતરાને લટકાવાયો હતો તે થાંભલા સાથે અથડાઈને સંઘના નેતા ઈ.મનોજનું મોત થયું હતું.

સમગ્ર પરિસ્થિતિ પર નજર કરીએ તો ગત વર્ષે સપ્ટે.માસમાં સંઘના નેતા ઈ.મનોજ વાનમાં જઈ રહ્યા હતા. ત્યારે બોમ્બથી હુમલો કરવામાં આવ્યો હતો. જેના કારણે તેમની વાન અનિયંત્રિત થઈ ગઈ હતી અને વાન થાંભલા સાથે અથડાઈ હતી.આ વીજળીના થાંભલા સાથે અથડાયેલ કાર અકસ્માતમાં ઈ.મનોજનું સ્થળ પર મોત નિપજ્યું હતું.

હવે ઈ.મનોજના સહયોગીઓ કે તેમના ચાહકો દ્વારા આ થાંભલા જેની સાથે અથડાયેલ કારમાં ઈ.મનોજનું મોત થયું હતું. તેજ થાંભલાને યાદગીરી રુપે એક કુતરાને લાવી લટકાવી દેવામાં આવ્યો હતો.કન્નુર જીલ્લામાં ભારતીય જનતા પાર્ટી અને ડાબેરી કાર્યકર્તાઓ વચ્ચે ઝગડાઓ ચાલ્યા કરે છે અને પરિણામે તનાવની સ્થિતિ ઉભી થાય છે. પરિસ્થિતિએ એવો વળાંક લીધો છે કે બેઉ પક્ષના લોકો એકબીજાના લોહીના પ્યાસા બની ગયા છે. ખુનામરકી સામાન્ય બની ગઈ છે.વધુમાં હાલમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા પર આવી હોવાને કારણે કેરળમાં સંઘ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો હોવાને કારણે તણાવ વધી રહ્યો છે


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ભારતમાં એન્ટીબાયોટીક દવાઓ માટે માર્ગદર્શિકા જાહેર કરાશે

ભારતમાં જે રીતે એન્ટીબાયોટીક દવાઓનો આડેધડ અને પ્રીસ્ક્રિપ્શન વગર ઉપયોગ થઈ રહ્યો છે તેને રોકવા માટે સરકાર દ્વારા ટુંક સમયમાં ગાઇડલાઇન્સ બહાર પાડવામાં આવશે.એશિયાના ડબલ્યુએચઓના ચીફ સાયન્ટીક એડવાઈઝર રાજેસ ભાટિયાએ જણાવ્યુ હતું કે કેટલાક ખાનગી ડોકટર્સ,દ્વારા દર્દીઓને આડેધડ એન્ટીબાયોટીક્સ દવાઓ લખીઆપવામાં આવે છે.આનો દુરુપયોગ રોકવા મોટી હોસ્પીટલોએ આગળ આવવું પડશે. ૨૦૧૫૦ સુધીમાં એન્ટીબાયોટીક્સની આડેધડ વપરાશથી વિશ્વમાં ૧ કરોડ લોકોના મોત થવાની ભીતી છે.

માનવજાત સામે આ સૌથી મોટો ખતરો છે.કોઈ રોગના ઈન્ફેશન તેમજ જીવલેણ બિમારીમાં સારવારમાં એન્ટીબાયોટીક્સ દવાનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.જો કે આવી દવા ખાસ કરીને બેક્ટેરીયા,ફંગસ કે પરોપજીવી કીટાણુઓ દ્વારા ફેલાતા રોગોને અટકાવવામાં ઉપયોગમાં લેવાતી હોય છે.વાઈરસથી ફેલાતા રોગોમાં આ દવા કામ કરતી નથી.ઠંડીમાં આવતો તાવ,ફ્લુ,કફ તેમના ગળાના રોગોમાં આ દવા કામ કરતી નથી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસ્રાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૩૯૬


# મુસ્લીમ બોર્ડે ‘તલાક’ની પ્રથામાં ફેરફાર બાબતે શક્યતા નકારી કાઢી

ઓલ ઈન્ડીયા પર્સનલ લો બોર્ડે મુસ્લીમોના સંગઠનની તલાક સબંધી ફેરફાર કરવાની સલાહને ફગાવી દીધી હતી.ત્રણ વખત તલાક બોલવાની સિસ્ટમમાં ફેરફારનો કોઈ સ્કોપ નથી તેવું ઓલ ઈન્ડીયા પર્સનલ લો બોર્ડ તરફથી જણાવાયું હતું.મુસ્લીમ સંગઠનોએ કરેલી રજુઆત મુજબ તલાકને અંતિમ સ્વરુપ આપતાં પહેલા ત્રણ મહિનાનો સમયગાળો ફરજીયાત રાખવા અંગે સર્વ સંમતિ સાધવાની ભલામણ કરી હતી.બોર્ડના પ્રવક્તા મૌલાના અબ્દુલ રહીમ કુરેશીએ કહ્યું હતું કે કુરાન અને હદીથ મુજબ ત્રણ વખત તલાક એ એક ગુનો છે. પરંતુ એક વખત આ પ્રક્રિયા પુર્ણ થઈ હોવાનું માનવામાં આવે તો પછી તેમાં કોઈ ફેરફાર નહી થઈ શકે.

તેમણે કહ્યું હતું કે મુસ્લીમ બોર્ડને અત્યાર સુધીમાં આવો કોઈ પત્ર મળ્યો નથી. પરંતુ હું આ ભલામણથી સંમત નથી. અન્ય ઈસ્લામિક દેશોમાં શું થાય છે તેનાથી આને કોઈ નિસ્બત નથી.અમે કુરાન શરીફ,હદીથ અને સુન્નતમાં જે છે તેનું જ અનુકરણ કરીએ છીએ.

# રાજ્યસભાના સાંસદ મુનવ્વર સલીમે ગૌ હત્યા પર પ્રતિબંધ મુકવા માંગણી કરી

પુરીમાં ગૌવર્ધન પીઠના શંકરાચાર્યે યોજેલા એક સમારંભમાં બોલતાં રાજ્યસભાના સાંસદ મુનવ્વર સલીમે કહ્યુ હતું કે ગૌહત્યા પર રાષ્ટ્વ્યાપી પ્રતિબંધ મુકાવો જોઈએ.તેમણે કહ્યુ હતું કે ગાય અમારી માતા છે.અંતિમ મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરે ગૌહત્યા પર પ્રતિબંધ મુક્યો હતો.અને તેનું ઉલ્લંઘન કરનારાઓને મોતની સજા આપવામાં આવતી હતી.

# રેલ્વેમાં પરિવાર સાથે મુસાફરી કરનાર સિનિયર સીટીઝનને રાહત નહીં મળે

હવે સિનિયર સીટીઝન પરિવાર સાથે ટ્રેનમાં મુસાફરી કરશે તો તેમને રિર્ઝવેશનમાં રાહત મળશે નહીં.રેલ્વે મંત્રાલયે પરિપત્ર જાહેર કરીને જણાવ્યું છે કે પરિવારની સાથે એકજ કોચમાં રિર્ઝવેશન ઈચ્છતા હોય તો તેમને પુરુ ભાડુ ચુકવવાનું રહેશે.તે ઉપરાંત વૃધ્ધ દંપતીનું એક સાથે લોઅર બર્થ પર રિર્ઝવેશન થઈ શકશે.સિનિયર સીજીઝનની સાથે પ્રવાસ કરનાર પરિવારજનો અન્ય કોચમાં રિર્ઝવેશન કરાવે તે તેમને ભાડામાં રાહત મળશે.રેલ્વેના આ પરિપત્રથી બીમાર વૃધ્ધો ટ્રેન દ્વારા બહાર જાય છે તેમને માટે સમસ્યા સર્જશે.અત્યાર સુધીમાં રેલ્વે દ્વારા પરિવારજનો સાથે મુસાફરી કરતાં સિનિયર સીટીઝનને ભાડામાં રાહત અપાતી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ, રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવા વાણ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.